R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11. Licensed to post without pre-payment Licence No. 001-200 9-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૨ ● તા. ૨જી જૂન, ૨૦૧૦ ● અંક નં. ૨૫

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : વિ. થિરુપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ　　કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી　　સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

વેબ સાઇટ : www.gujaratinformation.net　　Phone No. : 079-232-53440

## ગુજરાત જાહેર સેવા આયોગ

**નીચે દર્શાવેલ જગ્યાઓ માટે અરજીફોર્મ છેલ્લી તારીખ : ૧૪-૦૬-૨૦૧૦ સુધીમાં આયોગમાં મળે તે રીતે મોકલવા જણાવવામાં આવે છે.**

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | કુલ જગ્યાઓ પૈકી P.H. માટે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ. પ.વર્ગ | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ. પ.વર્ગ | |
| [૧] | રેડીઓ-ડાયગ્નોસીસના પ્રાધ્યાપક,સા.રા.સે., વર્ગ-૧ | ૦૩ | ૦૨ | - | - | ૦૧ | - | - | - | - | - |
| [૨] | રેડીઓ-ડાયગ્નોસીસના મદદનીશ પ્રાધ્યાપક,સા.રા.સે.,વર્ગ-૧ | ૨૮ | ૧૭ | ૦૧ | ૦૩ | ૦૭ | ૦૫ | - | ૦૧ | ૦૨ | ૦૧ |
| [૩] | કાર્ડીયોલોજીના મદદનીશ પ્રાધ્યાપક,સા.રા.સે.,વર્ગ-૧ | ૦૫ | ૦૪ | - | - | ૦૧ | ૦૧ | - | - | - | - |
| | ખાસ ભરતી :-જા.ક્રમાંક: [૪]થી[૬] | | | | | | | | | | |
| [૪] | પેથોલોજીના મદદનીશ પ્રાધ્યાપક, સા.રા.સે., વર્ગ-૧ | ૦૨ | - | - | ૦૨ | - | - | - | - | - | - |
| [૫] | ફોરેન્સિક મેડીસીનના મદદનીશ પ્રાધ્યાપક, સા.રા.સે., વર્ગ-૧ | ૦૯ | - | - | ૦૩ | ૦૬ | - | - | ૦૧ | ૦૨ | - |
| [૬] | પશુ ચિકિત્સા અધિકારી, વર્ગ-૨ | ૬૩ | - | - | ૬૩ | - | - | - | ૨૨ | - | - |

- **જા.ક્રમાંક: (૧) અને (૨)ની:-જરૂરી લાયકાત :** એમ.ડી.(રેડીઓ-ડાયગ્નોસીસ) / એમ.ડી.(રેડીઓલોજી) / એમ.એસ.(રેડીઓલોજી) અથવા ભારતીય તબીબી પરિષદ દ્વારા માન્ય અન્ય સમકક્ષ અનુસ્નાતક લાયકાત.
- **જા.ક્રમાંક: (૩) :- જરૂરી લાયકાત :** ડી.એમ.(કાર્ડીયોલોજી) અથવા ભારતીય તબીબી પરિષદ દ્વારા માન્ય અન્ય સમકક્ષ અનુસ્નાતક લાયકાત.
- **જા.ક્રમાંક : (૧) : અનુભવ :** તબીબી શિક્ષણ માટેની માન્ય કોલેજ અથાવા સંસ્થામાં રેડીયોડાયોગ્નોસીસ / રેડીયોલોજીમાં સહ--ધ્યાપક (રીડર) તરીકેનો ૦૪(ચાર) વર્ષનો અનુભવ, પરંતુ જયાં સહ -ધ્યાપકનો સંવર્ગ વિદ્યમાન ન હોય તેવા વિભાગના કિસ્સામાં ૦૯ (નવ) વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા મદદનીશ -ધ્યાપક્નો વિચારણામાં લેવામાં આવશે. **ઈચ્છનીય:-** ઈન્ડેક્ષ મેડીક્સ / રાષ્ટ્રીય જર્નલની સૂચિમાં દાખલ થયેલ ઓછામાં ઓછા ચાર અને આંતરરાષ્ટ્રીય જર્નલમાં એક સંશોધન -કાશનનો અનુભવ. **પગાર:-** પે બેન્ડ રૂા.૩૭૪૦૦-૬૭૦૦ (પી.બી.૪) ગ્રેડ પે રૂા.૮૯૦૦. **ઉંમર:-** ૪૫ વર્ષથી વધુ નહિ.
- **ખાસ જા.ક્રમાંક: (૪) :-જરૂરી લાયકાત:-**એમ.ડી.(પેથોલોજી)/ પીએચ.ડી.(પેથોલોજી)/ડી.એસસી.(પેથોલોજી)અથવા ભારતીય તબીબી પરિષદ દ્વારા માન્ય અન્ય સમકક્ષ અનુસ્નાતક લાયકાત.
- **ખાસ જા.ક્રમાંક: (૫) :- જરૂરી લાયકાત :** એમ.ડી. (ફોરેન્સિક મેડીસીન)અથવા ભારતીય તબીબી પરિષદ દ્વારા માન્ય અન્ય સમકક્ષ અનુસ્નાતક લાયકાત.
- **જા.ક્રમાંક: (૨) અને (૩) અને ખાસ જા.ક્રમાંક: (૪) અને (૫)નો અનુભવ, પગાર અને ઉંમર : અનુભવ:-** માન્ય તબીબી કોલેજમાં નિવાસી / રજીસ્ટ્રાર / ડેમોન્સ્ટ્રેટર / ટયુટર તરીકેનો સંબંધિત વિષયમાં ત્રણ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ. **પગાર:-** રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦ (પીબી-૩) ગ્રેડ પે રૂા.૬૬૦૦. **ઉંમર:-** ૩૫ વર્ષથી વધુ નહિ.
- **નોંધ:-જા.ક્રમાંક: (૧) થી (૫)ની** જગ્યાઓ માટે ખાનગી વ્યવસાય કરવા અને N.P.A. સંબંધમાં સરકારશ્રીની વખતોવખત નીતિ /જોગવાઈઓ તેઓને બંધન કર્તા રહેશે.
- **ખાસ જા.ક્રમાંક: (૬) :- જરૂરી લાયકાત :-(અ)** ઉમેદવાર ભારતમાં કાયદાથી સ્થપાયેલ અથવા સંસ્થાપિત યુનિ.અથવા ભારતીય પશુ ચિકિત્સા કાઉન્સિલ અધિનિયમ-૧૯૮૪ હેઠળની -થમ અથવા દ્વિતિય અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ પશુ ચિકિત્સા સંસ્થામાંથી -ાપ્ત કરેલ પશુ ચિકિત્સાની સ્નાતકની ડિગ્રી ધરાવતો હોવો જોઈએ અને રાજય પશુ ચિકિત્સા કાઉન્સિલ અથવા ભારતીય પશુ ચિકિત્સા કાઉન્સિલ અથવા ભારતીય પશુ ચિકિત્સા કાઉન્સિલ અધિનિયમ-૧૯૮૪ હેઠળ સ્થપાયેલ ભારતની પશુ ચિકિત્સા કાઉન્સિલમાં રજીસ્ટર થયલો હોવો જોઈએ. **(બ)** ગુજરાત મુલ્કી સેવાઓ વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭માં ઠરાવ્યા -માણે કોમ્પ્યુટરના ઉપયોગનું પાયાનું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ. **(ક)** ગુજરાતી અને હિન્દી ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. **પગાર:-** રૂા.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે રૂા.૪૨૦૦. **ઉંમર:-** ૩૫ વર્ષથી વધુ નહિ.

### જાહેરાતની સામાન્ય જોગવાઈ (જા.ક્રમાંક: ૧ થી ૩ અને ખાસ જા.ક્રમાક: ૪ થી ૬ ) / વર્ષ : ૨૦૧૦-૨૦૧૧ )

**(૧)નાગરિક્ત્વ:** ઉમેદવાર, **(ક)** ભારતનો નાગરિક,અથવા **(ખ)** નેપાળનો -જાજન, અથવા **(ગ)** ભૂતાનનો -જાજન, અથવા **(ઘ)** તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧ લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ હોવો જોઈએ, અથવા **(ચ)** મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા, (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત -જાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝેઈર, ઈથોપીયા અથવા વિયેટનામાથી સ્થાળાંતર કરીને આવેલ હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંક:**(ખ)**, **(ગ)**, **(ઘ)** અને **(ચ)** માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા -માણપત્ર આપેલ હોવું જોઈએ. **નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા -માણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા-માણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

**(૨) અરજી પત્રક:(ક) અરજી પત્રક ફી :-** બિનઅનામત પુરૂષ / મહિલા ઉમેદવારો માટે અરજી ફીની કિંમત રૂા.૫૦/- છે. અનામત વર્ગોના ઉમેદવારો તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોને અરજી ફી ભરવાની નથી. **(ખ) અરજી પત્રક મેળવવાની જોગવાઈ:-** અરજી પત્રક **(૧)** ટપાલ દ્વારા **(૨)**આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી **(૩)** આયોગની વેબસાઈટ ઉપરથી મળી શકશે તેમજ **(૪)** આયોગે નિયત કરેલ અરજી પત્રક્ની ફોટોકોપીનો ઉપયોગ થઈ શકશે. **૧ : ટપાલ દ્વારા અરજી પત્રક મેળવવા:-** બિન અનામત પુરૂષ / મહિલા ઉમેદવાર ટપાલ દ્વારા જગ્યાનું નામ અને જાહેરાત ક્રમાંક દર્શાવતી અરજી સાથે સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગના નામનો રૂા.૫૦/- નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર (ભારતીય પોસ્ટલ ઓર્ડરની પાછળ નામ, સરનામું, જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ દર્શાવીને) અને પોતાના સરનામાવાળું ૨૭ x ૧૨ cm ની રૂા.૧૦/- નું ટિકિટ લગાડેલ પરબીડિયું ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, પહેલો માળ, લાલ દરવાજા, અમદાવાદને મોક્લવાથી અરજી પત્રક મેળવી શકાશે. અનામત વર્ગોના ઉમેદવાર જાતિના -માણપત્રની નકલ તથા શારીરિક વિક્લાંગતા ધરાવતા ઉમેદવારો તબીબી -માણપત્રની નકલ સાથે ઉપરની વિગતો તથા ટિકિટ લગાડેલ પરબીડિયું (અરજી પત્રક્ની કિંમત રૂા.૫૦/- મોકલવાની રહેતી નથી) મોક્લાવી ટપાલથી અરજી પત્રક મેળવી શકશે. **૨: આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી અરજી પત્રક મેળવવા :-** આયોગની ક્ચેરીના કાઉન્ટર ઉપરથી અરજી પત્રક કામકાજના દિવસો દરમ્યાન ૧૧ થી ૨ તથા ૩ થી ૫ સુધી મળશે. બિનઅનામત વર્ગના પુરૂષ / મહિલા ઉમેદવારો અરજી પત્રકની કિંમત રૂા.૫૦/- રોકડેથી ચૂકવીને અરજી પત્રક મેળવી શકશે. જયારે અનામત વર્ગના અને શારીરિક વિક્લાંગતા ધરાવતા ઉમેદવારો જાતિ -માણપત્ર / શારીરિક વિક્લાંગતાના -માણપત્રની નકલ રજૂ કરીને વિના મૂલ્યે અરજી પત્રક મેળવી શકશે. **૩: વેબસાઈટ :-**આયોગની વેબસાઈટ "www.gpsc.gujarat.gov.in" ઉપરથી ઉમેદવાર ''સીધી ભરતી માટેનું અરજી પત્રક'' ડાઉનલોડ કરીને ઉપયોગમાં લઈ શકશે. આવું અરજી પત્રક ઉપયોગમાં લેવાય ત્યારે ઉમેદવારે અરજી પત્રક પરના જમણા ખૂણા પર ***''ડાઉનલોડ કરેલ અરજી પત્રક''*** તેમ દર્શાવવાનું રહેશે. ડાઉનલોડ કરેલ અરજીપત્રક્ના તમામ પાનાઓ (પૃ.૧થી૪) સહિત સંપૂર્ણ રીતે આયોગની કચેરીને મોક્લી આપવાના રહેશે. **૪: અરજી પત્રકની ફોટોકોપી ઉપયોગમાં લેવી:-** ''સીધી ભરતી માટેનું અરજી પત્રક''ની સંપૂર્ણ ફોટોકોપી ઉમેદવાર ઉપયોગમાં લઈ શકશે અને જયારે ફોટોકોપી ઉમેદવાર ઉપયોગમાં લે ત્યારે ઉમેદવારે અરજી પત્રક પર જમણા ખૂણા પર **"ફોટોકોપી''** તેમ દર્શાવવાનું રહેશે.

**(૩) ભરેલા અરજી પત્રક:- (૧)** અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં ઉમેદવારના અરજી પત્રકો અયોગની કચેરીમાં મળે તે રીતે ઉમેદવારે મોક્લવાના રહેશે. **(૨)** ઉમેદવાર ભરેલા અરજી પત્રકો આયોગની ક્ચેરીના કાઉન્ટર પર કામકાજના દિવસો દરમ્યાન સવારના ૧૧ થી ૨ અને બપોરના ૩ થી ૫ દરમ્યાન જમા કરાવી શકશે. **(૩)** ઉમેદવાર ભરેલા અરજી પત્રકો સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બી-બ્લોક, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ના સરનામે ટપાલથી પણ મોક્લી શકશે. **(૪)** અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ કોઈપણ રીતે મળેલા અરજી પત્રકો સ્વીકારવામાં આવશે નહિ. **(૫)** બિન અનામત ઉમેદવારે આયોગની ક્ચેરીમાંથી અરજી પત્રક મેળવેલ હોય તો અરજી સાથે રૂા.૧૦૦/- અને વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ હોય કે ફોટોકોપીવાળું અરજી પત્રક મેળવેલ હોય તો અરજી પત્રક સાથે રૂા.૧૫૦/- ની ફી ભરવાની છે. આવી ફી રોકડેથી કાઉન્ટર પર સ્વીકારવામાં આવે છે અથવા ભારતીય પોસ્ટલ ઓર્ડર મારફત ભરી શકાશે અને ઉમેદવારે નિયત ફી થી વધુ રકમનો ભારતીય પોસ્ટલ ઓર્ડર મોક્લેલ હશે તો વધારાની રકમ પરત કરવામાં આવશે નહિ અને તે જમા લેવામાં આવશે. **(૬)** ઓછી અરજી ફી અથવા અરજી ફી વગરની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ. **(૭)** ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાતની તારીખ બાદનો ખરીદેલો હોવો જોઈએ. **(૮)** અરજી ફી પેટે મનીઓર્ડર, બેન્ક ડ્રાફ્ટ અથવા ચેક સ્વીકારવામાં આવશે નહિ. અરજી ફી જાહેરાત રદ કરવામાં આવે તે સિવાયના કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહિ.**(૯)** ભારત બહારથી અરજી કરતા ઉમેદવારે નિયત ફી ભારતના હાઈકમિશ્નર અથવા ભારતીય રાજદૂત અથવા ભારત સરકારના -તિનિધિની કચેરીમાં જમા કરાવવી તથા આવા ચૂકવણાની મૂળ પહોંચ અરજી પત્ર સાથે જોડવી. **(૧૦)** જો એક કરતા વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને -ત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે. **(૧૧)** એક જ જાહેરાત માટે એક જ અરજી કરી શકાશે. એક જાહેરાત માટે જો એક થી વધુ અરજી કરેલ હશે તો તે

➔

➔
વિચારણામાં લેવામાં આવશે નહિ. (૧૨) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને બિનઅનામત માટેના ધોરણો લાગુ પડશે. (૧૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહિ. (૧૪) અરજી ફી વગરની અરજીની અગ્રીમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહિ.(૧૫) અરજીપત્રકમાં દર્શાવેલ વિગતોમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. (૧૬) ઉમેદવારો દ્વારા અરજીપત્રક / પરીશિષ્ટમાં આપવામાં આવેલ વિગતોમાં વિસંગતતા જણાશે તો અરજીપત્રકમાં આપવામાં આવેલ વિગત જ ધ્યાનમાં લેવામાં આવશે.

(૪) **વયમર્યાદા:-** (૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) ઉપરની જાહેરાતમાં વયમર્યાદા આપવામાં આવેલ છે. **વયમર્યાદામાં છૂટછાટ નીચે મુજબ મળવાપાત્ર છે. ૧.** અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગ -પાંચ વર્ષ, **૨.** બિન અનામત મહિલા ઉમેદાવાર -પાંચ વર્ષ, **૩.** અનામત વર્ગના મહિલા ઉમેદવાર -૧૦ વર્ષ, **૪.** માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ.એસ.સી.ઓ.સહિત -લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ, **૫.** શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો કે જેઓ આ જગ્યાની ફરજો સામાન્ય માણસોની જેમ બજાવવા શક્તિમાન હોય, તેઓને તા.૧-૧૨-૨૦૦૮ના સા.વ.વિ.ના પરિપત્રથી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડન્ટ / સિવિલ સર્જનના તબીબી -માણપત્રને આધિન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ મળશે.(**સિવાય ખાસ જા.ક્રમાંકઃ૬**) જેવા કે, BL (Both legs affected but not arms) અથવા O.L. (One leg affected) ની શારીરિક વિકલાંગતા ૫૦ થી ૭૦ ટકા વચ્ચે ધરાવતા હોય અને આવા ઉમેદવારના ઉપરના બંને અવયવો (Both upper limbs) સંપૂર્ણ પણે નોર્મલ હોય તથા દ્રષ્ટિ અને શ્રવણશક્તિ નોર્મલ હોય અને આવા ઉમેદવાર ધોડીની મદદ વગર ચાલી શક્તા હોય તેવા ઉમેદવારો. આ સિવાય અન્ય શારીરિક વિક્લાંગતા ધરાવતા ઉમેદવારને છૂટછાટ મળવા પાત્ર નથી.)

**૬.** ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસ સુધી કામગીરી બજાવતા હોય અને તેઓની -થમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ:- **૧:** જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ. **૨:** જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઈજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાંની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any such post) માટે ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ. **૩:** જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. **૭.** વિશિષ્ટ રીતે સારી લાયકાત અને અથવા અનુભવ ધરાવતા ઉમેદવારોને આયોગને વિવેકાધીન છૂટછાટ મળવાપાત્ર છે. (૩) આયોગ જન્મતારીખના પૂરાવા માટે એસ.એસ.સી.ઈ. -માણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ -માણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસ -માણપત્રની -માણિત નકલ મોકલવાની રહેશે. આ -માણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ એસ.એસ.સી. કે તેની પરીક્ષાનું મૂળ -માણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પૂરાવાઓના આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ......... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના -માણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પૂરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું માણપત્ર તેની વિશ્વાસહર્તા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૫) **શૈક્ષણિક લાયકાત:-** (૧) જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજ ધરાવતા હોવા જોઈએ. (૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી / સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ. (૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી / સંસ્થાના ગુણ પત્રક / પદવી -માણપત્રોની સ્વયં -માણિત નકલ રજૂ કરવાની રહેશે. શાળા / કોલેજના આચાર્યશ્રી દ્વારા અપાયેલ -માણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. (૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહિ. (૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક-દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા -સ્થાપિત કરતા આદેશો / અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

(૬) **અનુભવ:-** (૧) અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી ન હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં ગણવામાં આવશે. (૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ). મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો કાર / મેળવેલ અનુભવની વિગતો સાથેનું માણપત્ર રજૂ કરવાનું રહેશે. આવું માણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનુ રજૂ કરવાનું રહેશે. (૪) ઉમેદવારે રજૂ કરેલ અનુભવના -માણપત્રમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ. (૫) અંશઃકાલીન, રોજંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહિ. **(૭) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ:-** (૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીના જે ઉમેદવાર હોય તેઓએ અરજી પત્રક અને પરિશિષ્ટમાં તેની વિગતો અચૂક દર્શાવવી. (૩) આવા ઉમેદવારે અરજી પત્રક તથા પરીશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહિ હોય તો પાછળથી અનામત ઉમેદવાર તરીકેનો લાભ મેળવવાનો દાવો માન્ય રાખવામાં આવશે નહિ. (૪) અનામત વર્ગ તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ -માણપત્રની નકલ અરજી સાથે અવશ્ય સામેલ કરવાની રહેશે. અરજી પત્રક સાથે -માણપત્રની નકલ સામેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ અને અરજી પત્રક રદ થવાને પાત્ર બનશે. (૫) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહિ થતો હોય તો જ મળવાપાત્ર થશે. (૬) (૧) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-(ક)ના નમુનામાં -માણપત્ર રજૂ કરવાનું રહેશે. (૨) પરિણીત મહિલા ઉમેદવારોએ આવું માણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું -માણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. (૩) અરજી સાથો પરિશિષ્ટ-"ક" ને બદલે એનેક્ચર-"A" (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. (૪) આ -માણપત્ર **તા.૦૧-૦૪-૨૦૦૯** બાદ મેળવેલ હોવું જોઈએ. (૫) જો ઉમેદવારે આ -માણપત્ર અરજી સાથે રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહિ.(૭) અનામત વર્ગના ઉમેદવારોએ અરજી પત્રકમાં અનામત કક્ષાની અથવા બિનઅનામત (સામાન્ય) જગ્યા સામે ઉમેદવારી નોંધાવો છો ? તેની વિગતો સ્પષ્ટપણે અરજી પત્રકમાં સંબંધિત કોલમમાં દર્શાવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં ખાનું ખાલી ન રાખવું કે ટપકા કરવા નહિ તે જોવાનું રહેશે. (૮) સરકારશ્રીની -વર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણે (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે. આ જોગવાઈને વિચાણામાં લઈને અરજી પત્રકમાં વિગત આપવાની રહેશે. (૯) અનુસૂચિત જાતિના ઉમેદવારે અરજી પત્રકમાં પોતાનો ધર્મ અવશ્ય દર્શાવવાનો રહેશે.

***જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક વિકલાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એકથી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.*** (૮) **માજી સૈનિક:-** (૧) માજી સૈનિક અને શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુક્ની નકલ અરજી પત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

(૯) **શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો:-** (ક) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (ખ) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે ૧: અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ ૨: શ્રવણની ખામી ૩: હલન-ચલન વિકલાંગતા અથવા મગજનો લકવો તે પૈકીની) કઈ શારીરિક વિકલાંગતા છે તે દર્શાવવું. (ગ) જાહેરાતમાં શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે -કારની વિકલાંગતા ધરાવતા ઉમેદવાર પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા -સંગે ઉંમરમાં છૂટછાટ મળશે. (ઘ) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સરકારી હોસ્પિટલ / મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ -માણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો -માણપત્રની નકલ સામેલ કરવામાં આવેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ. શારીરિક વિકલાંગતા માટેનો લાભ મળવાપાત્ર થશે નહિ.

(૧૦) **મહિલા ઉમેદવાર :-** મહિલાઓ માટે અનામત જગ્યાઓ માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તેની જગ્યા તે ક્ષાના (Catagary) પુરૂષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૧૧) **વિધવા ઉમેદવાર:-** (૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા લાગુ પડતુ નથી એમ દર્શાવવું. (૨) વિધવા ઉમેદવારે પુનઃલગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા લાગુ પડતું નથી એમ લખવું. (૩) વિધવા ઉમેદવારે જો પુનઃલગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા હોય તો અરજી સાથે પુનઃલગ્ન કરેલ નથી તેવી એફીડેવીટ રજૂ કરવાની રહેશે. (૪) વિધવા ઉમેદવારને સરકારશ્રીની -વર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલા ગુણના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૧૨) **ના-વાંધા -માણપત્ર :-** (૧) ગુજરાત સરકારના સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહિ આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે. (૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઈપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથો નિમણૂક અધિકારીનું ના-વાંધા -માણપત્ર રજૂ કરવાનું રહેશે. (૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના-વાંધા -માણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૧૩) **ગેરલાયક ઉમેદવાર :-** ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવાયો હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

(૧૪) **ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ, બરતરફ :-** અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તક્ની કંપની કે બોર્ડ, કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલા હોય તો અરજી પત્રમાં તેની વિગત આપવાની રહેશે.

(૧૫) **રજીસ્ટ્રેશન :-** તબીબી / દંત વિજ્ઞાન / પશુ ચિકિત્સા / કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જયાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન -માણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને અરજી સમય રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવું માણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૧૬) **સામાન્ય :-** (૧) ઉમેદવારે આપવાની થતી માહિતી ખોટી આપી હશે અને / અથવા અરજી પત્રકમાં જરૂરી માહિતી / વિગતો છૂપાવવાનો યાસ કરેલ હશે અને / અથવા આયોગને ગેરમાર્ગે દોરવાનો -યાસ કર્યો હશે અને તે ધ્યાન ઉપર આવશે તો -ાથમિક કસોટી, રૂબરૂ મુલાકાત, નિમણૂક વગેરે તમામ માટે ગેરલાયક ઠરશે. વધુમાં, આવા ઉમેદવારને આયોગ ભવિષ્ય માટે ગેરલાયક ઠરાવી શકશે અને જો ઉમેદવાર રાજ્ય સરકારની સેવામાં હશે તો તેમની સામે ખાતાકીય પગલાં લેવામાં આવશે. (૨) સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવવા -યત્ન કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(૧૭) **અગત્યની જોગવાઈઓ :-** (૧) ઉપરની જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. વધુ અરજીઓને કારણે જયાં -ાથમિક લેખિત કસોટી જરૂરી બનશે ત્યાં આવી કસોટી પછી જ તેના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નક્કી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહિ તો ગુજરાતી રહેશે. ાથમિક કસોટી સામાન્યતઃ અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. (૨) આ જાહેરાતોમાં ઠરાવેલ લઘુતમ શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવ કરતાં વધુ શૈક્ષણિક લાયકાત અને / અથવા વધુ અનુભવ અને / અથવા લાયકાતમાં ઉંચી ટકાવારીને આધારે રૂબરૂ મુલાકાત માટે આયોગ ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરી શકશે.

(૧૮) **રૂબરૂ મુલાકાત :-** (૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકીટના દર -માણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથો અસલ ટિકીટ રજૂ કરવાની રહેશે. (૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ -માણપત્રો રજૂ કરવાના રહેશે. જો ઉમેદવાર

➔

# કાયદાના સ્નાતક છો ?
# નેવીમાં પરમેનન્ટ કમિશન અધિકારી બનવાની તક

**ભારતીય નૌકાદળની એક્ઝિક્યુટિવ બ્રાંચમાં લો કેડરમાં પરમેનન્ટ કમિશન ઓફિસર તરીકે જોડાવા માટે જાન્યુઆરી-૨૦૧૧માં નેવલ એકેડમી ઈઝીમાલા, કેરાલા ખાતે શરૂ થતા કોર્સ માટે ભારતીય અપરીણિત પુરૂષ નાગરિક ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવામાં આવે છે.**

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૧૦-૬-૨૦૧૦**

❑ **યોગ્યતાની શરતો :**

❑ **વયમર્યાદા :**

ઉમેદવારની **વય ૨૨ થી ૨૭ વર્ષ** એટલે કે ઉમેદવાર તા. ૨જી જાન્યુઆરી, ૧૯૮૪ અને તા. ૧લી જાન્યુઆરી, ૧૯૮૯ (બન્ને દિવસો સહિત) ની વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

❑ **શૈક્ષણિક લાયકાત :**

♦ ઉમેદવાર લઘુત્તમ ૫૫ ટકા સાથે કાયદાના સ્નાતક હોવા સાથે એડવોકેટ્સ એકટ-૧૯૬૧ અન્વયે એડવોકેટ તરીકે નોંધાયેલો હોવો જોઈએ.

♦ અંતિમ વર્ષની પરીક્ષામાં બેઠાં હોય, એટલે કે કાયદાના સ્નાતક ન થયા હોય તેવા ઉમેદવારોએ અરજી કરવી નહીં.

❑ **શારીરિક ધોરણો :**

**ઊંચાઈ અને વજન :**

(૧) ન્યૂનતમ ૧૫૭ સે.મી. અને તેને અનુરૂપ વજન (૨) દ્દષ્ટિ : ૬/૬૦, ૬/૬૦, ચશ્માં સાથેની સુધારેલી દ્દષ્ટિ બન્ને આંખોમાં ૬/૬. ચશ્મા સાથે ૬/૧૨. (૩) ઉમેદવાર રંગ/રાત્રી અંધત્વ ધરાવતા ન હોવા જોઈએ.

❑ **અરજી કેવી રીતે કરવી ?**

અરજી વિજ્ઞાપનમાં આપેલ અરજીપત્રકમાં નિયત નમૂના -માણે એ-૪ સાઈઝના કાગળમાં ટાઈપ કરાવી અથવા સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરી તેની બધી વિગતો સંપૂર્ણ રીતે ભરીને તેમજ અરજીપત્રકના પરબીડિયાં ઉપર **" LAW CADRE-JAN-2011 COURSE, Educational Qualification Aggregate percentage .......%** એમ સ્પષ્ટ રીતે દર્શાવીને નીચેના સરનામે **તા. ૧૦-૬-૨૦૧૦**ના રોજ કે તે પહેલાં પહોંચે તે રીતે મોકલી આપવાની રહેશે.

**POST BAG NO. 02,
SAROJANI NAGAR,
NEW DELHI-110 023.**

❑ **પસંદગી પદ્ધતિ :**

♦ તારવણી બાદ યોગ્ય પસંદગી યાદી -માણેના ઉમેદવારોને ઓગષ્ટ થી નવેમ્બર -૨૦૧૦ દરમિયાન સર્વિસ સિલેકશન બોર્ડ (એસ. એસ. બી.) બેંગ્લોર, ભોપાલ અથવા કોઈમ્બતુર ખાતે ઈન્ટરવ્યૂ માટે મોકલવામાં આવશે.

♦ એસ. એસ. બી.ના ઈન્ટરવ્યૂનો સમયગાળો પાંચ દિવસનો રહેશે. જે પૈકી પ્રથમ દિવસે પ્રથમ તબક્કો અને બાકીના ચાર દિવસ બીજો તબક્કો યોજાશે. પ્રથમ તબક્કામાં ઓફિસર્સ ઈન્ટેલીજન્સ રેટીંગ ટેસ્ટ, ચિત્રની ઓળખ અને ગ્રુપ ડિસ્કશન યોજાશે. પ્રથમ તબક્કામાં નિષ્ફળ જનાર ઉમેદવારોને તેજ દિવસે પરત મોકલી દેવાશે. બીજા તબક્કામાં મનોવૈજ્ઞાનિક કસોટી, ગ્રુપ ટાસ્ક ટેસ્ટ ગ્રૃપ ડિસ્કશન અને ઈન્ટરવ્યૂ યોજાશે. ત્યારબાદ સફળ ઉમેદવારોની તેજ સ્થળે ખાસ તબીબી તપાસ કરવામાં આવશે (અંદાજિત સમયગાળો ૩-૫ દિવસ)

♦ જે ઉમેદવારો -થમવાર એસ. એસ. બી.નું ઈન્ટરવ્યૂ આપતા હોય તેઓને સેકન્ડ ક્લાસ સ્લીપરનું પરત જવા માટેનું બીજા વર્ગનું રેલવે ભાડું મળવાપાત્ર છે.

♦ એસ. એસ. બી. દ્વારા ભલામણ કરાયેલા અને તબીબી તપાસમાં યોગ્ય જાહેર થયેલા ઉમેદવારોને ખાલી જગાઓના -માણમાં મૂળ -માણપત્રોની ચકાસણી બાદ અને ગુણવત્તા યાદી અનુસાર તાલીમ માટે નિમણૂક આપવામાં આવશે. સંતોષકારક પોલીસ વેરિફિકેશન રિપોર્ટ, મૂળ (વંશ) અંગેનું પ્રમાણપત્ર અને ચારિત્ર્યનું પ્રમાણપત્ર મળ્યા બાદ નોકરીમાં નિમણૂક આપવામાં આવશે.

❑ **તાલીમ :**

♦ તાલીમ જાન્યુઆરી-૨૦૧૧માં શરૂ થશે.

♦ ઉમેદવારોને સબ-લેફટેનન્ટ ઑફિસર કક્ષામાં મૂકવામાં આવશે. તેમણે નેવલ ઓરિયેન્ટેશન કોર્સ, નેવલ એકેડેમી, ઈઝીમાલા, કેરાલા ખાતે કરવો પડશે. ત્યારબાદ નેવલ ટ્રેનિંગ એસ્ટાબ્લિસમેન્ટ /શિપ/યુનિટ ખાતે વ્યવસાયિક તાલીમ લેવાની રહેશે.

♦ તાલીમ દરમિયાન અધિકારીને પૂરો પગાર અને ભથ્થાં મળવાપાત્ર છે. શરૂઆતમાં અધિકારીને બે વર્ષના સમયગાળા માટે અજમાયશી ધોરણે નિમણૂક અપાશે. સમયગાળા દરમિયાન અયોગ્ય જણાયેલા ઉમેદવારોની સેવા સમાપ્ત કરવામાં આવશે.

♦ માત્ર અપરીણિત ઉમેદવારો જ તાલીમને પાત્ર ઠરશે. જો કોઈ ઉમેદવાર પરણિત હશે કે તાલીમ દરમિયાન લગ્ન કરશે તો તેઓને તાલીમમાંથી છૂટા કરવામાં આવશે અને તાલીમ દરમિયાન તેઓના માટે સરકારે ભોગવેલો તમામ ખર્ચ તેઓના પગાર સહિત તમામ રકમ ઉમેદવારોએ ભરપાઈ કરવાની રહેશે.

♦ **પગારભથ્થા :** ઉમેદવારને સબ લેફટેનન્ટથી કમાન્ડર સુધીની રેંકમાં પ્રમોશન મળી શકે છે. નવો પગાર નીચે મુજબ મળવાપાત્ર છે.

| Rank | Pay Bands/Scale | Grade Pay | MSP |
|---|---|---|---|
| Sub Lieutenant | PB-3/15600-39100 | 5400 | 6000 |
| Lieutenant | PB-3/15600-39100 | 6100 | 6000 |
| Lieutenant CDR | PB-3/15600-39100 | 6600 | 6000 |
| Commander | PB-4A/37400-67000 | 8000 | 6000 |

❑ **અન્ય મળવાપાત્ર ભથ્થાં :** (જગ્યાને અનુરૂપ)

| Allowances | To whom granted | Rate per month (pm) (in Rs.) |
|---|---|---|
| Instructional | All Officers posted as instructor | 1800/pm |
| Uniform | All Officers | 16000 (Initial grant) & 5000 (Every 3 yrs) |
| Hard Area | All Officers posted in Hard Area as declared by Govt. | 25% of basic pay |
| House Rent | All Officers | 10-30% of Basic (Pay Band + Grade Pay + MSP) |
| Transport | All Officers | 1600-3200 (+DA thereon) |

❑ **ભથ્થા :** મોંઘવારી ભથ્થું, સી.સી.એ., વગેરે સહિતના અન્ય ભથ્થાં મળવાપાત્ર છે.

❑ **જૂથ વીમો :** છેલ્લામાં છેલ્લા નિયમ મુજબ રૂા. ૪૦ લાખનું વીમા છત્ર. (ભાગીદારી ધોરણે)

❑ **ગ્રેજ્યુઈટી :** -વર્તમાન નિયમો મુજબ ગ્રેજ્યુઈટી આપવામાં આવશે.

❑ **લીવ એનકેશમેન્ટ :** છેલ્લામાં છેલ્લા નિયમો મુજબ લીવ એનકેશમેન્ટ આપવામાં આવશે.

❑ **રજા :** ઓફિસરને નોકરીની આવશ્યક્તાને લક્ષમાં રાખીને ૬૦ દિવસની વાર્ષિક રજા અને ૨૦ દિવસની પરચૂરણ રજા આપવામાં આવશે. પોતાના અને કુટુંબ માટે નિયમોનુસાર એલ.ટી.સી.

♦ પોતાના તથા કુટુંબ માટે નિયમાનુસાર વિનામુલ્યે પ્રવાસ અને ૫૦ ટકા કન્સેશનથી હવાઈ પ્રવાસ.

♦ તમારી પસંદગીની કોઈપણ રમત માટે નૌકાદળ સુવિધા આપશે. વધુમાં રીવર રાફટીંગ, પર્વતારોહણ, હોટ એર બલુનીંગ, હેંગ ગ્લાઈડીંગ, વિન્ડ સર્ફીંગ જેવી સાહસિક રમતોમાં ભાગ લઈ શકાય છે અને શીખી શકાય છે.

❑ **અન્ય લાભ :** પગારધોરણ મુજબ રેશન, ફર્નિચર સાથેનું રહેઠાણ અને સંલગ્ન સેવાઓ રાહત દરે, પોતાના અને કુટુંબ માટે તબીબી સુવિધાઓ, જુથ આવાસ યોજના, શાળાએ જતા બાળકો માટે રાહત દરે વાહન વ્યવહારની સુવિધા, કેન્ટીન સુવિધા. પગાર ભથ્થાં સાથે ગુણવત્તાના આધારે બે વર્ષ સુધીની અભ્યાસ માટે રજા.

❑ **અગત્યની સૂચનાઓ :**

♦ વિજ્ઞાપનમાં દર્શાવેલ નિયત નમૂના -માણે જ અરજી મોકલવી.

♦ અરજી સાથે નિર્દિષ્ટ -માણપત્રોની -માણિત કરેલી નકલો મોકલવાની રહેશે. (૧) જન્મતારીખના પૂરાવા માટે ધો. ૧૦નું -માણપત્ર અને શૈક્ષણિક લાયકાતોના -માણપત્રો. (૨) દરેક સત્ર/વર્ષની માર્કશીટ

♦ જ્યાં ટકાવારીને બદલે ગ્રેડ આપવામાં આવતો હોય ત્યાં તેનું ટકાવારી પ્રમાણ દર્શાવવું.

♦ ઉમેદવારોએ અરજીપત્રક સાથેના બિડાણો યોગ્ય રીતે ટેગ/ સ્ટીચ કરીને બિડવા.

♦ અરજી સાદી ટપાલથી મોકલવી. સ્પીડ પોસ્ટ, રજિ. પોસ્ટ, કુરિયર સર્વિસ, ઈ-મેઈલ દ્વારા મોકલવામાં આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહીં.

♦ કોઈપણ કારણ દર્શાવ્યા વિના અરજીઓની તારવણી કરવાનો નેવલ હેડકવાર્ટર્સનો અધિકાર અબાધિત રહેશે. આ અંગે કોઈ પત્રવ્યવહાર કરાશે નહીં.

♦ ઈન્ટરવ્યૂ માટે S.S.B. સેન્ટર બદલવાની પરવાનગી કોઈપણ સંજોગોમાં આપવામાં આવશે નહિ.

♦ આ જાહેરાતની શરતો ફેરફારને આધીન રહેશે અને તેથી આ શરતોને માર્ગદર્શક સૂચનાઓ ગણવી.

♦ એક કરતાં વધુ અરજી મોકલતા ઉમેદવારો ગેરલાયક ગણાશે.

❑ **શારીરિક યોગ્યતા :** નેવલ એકેડેમીમાં તમારો અભ્યાસક્રમ શારીરિક બાબતોને સ્પર્શનારો હોઈ, તે માટે તમારી જાતને શારીરિક રીતે તાલીમ, દોડ અને રમતો વગેરે દ્વારા સુસજ્જ રાખો, જેથી કરી તમને ઉચ્ચ કક્ષાની શારીરિક તાલીમમાં કોઈ મુશ્કેલી ન પડે.

➔

*(અનુસંધાન પાના નંબર ૨ નું ચાલુ ...)*

અસલ -માણપત્ર રજૂ કરશે નહિ તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહિ તેની ખાસ નોંધ લેવી.

***(૧૯) નીચે દર્શાવ્યા મુજબની અધૂરી અરજીઓ સીધેસીધી રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)***

(૧) આયોગે નિયત કરેલ અરજી પત્રકમાં અરજી મળેલ ન હોય. (૨) અરજી અને/અથવા પરિશિષ્ટમાં વિગતો અધૂરી કે અવાચ્ય હોય તથા ડાઉનલોડ કરલ અરજીપત્રાક્ના તમામ પાનાઓ (પૃ.૧થી૪) સંપૂર્ણ રીતે આયોગની કચેરીને મોકલી આપવામાં આવેલ નહિ હોય. (૩) અરજી અને/અથવા પરિશિષ્ટમાં ઉમેદવારની સહી ન હોય. (૪) અરજી અને/ અથવા પરિશિષ્ટમાં કેપીટલ લેટરમાં સહી કરેલ હશે તો. (૫) અરજી અને/અથવા પરિશિષ્ટ ફેકસથી કે ઈ-મેઈલથી મોકલાવેલ હોય. (૬) અરજી અને/અથવા પરિશિષ્ટમાં તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ લગાવેલ ન હોય. (૭) અરજી અને/અથવા પરિશિષ્ટમાં પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફની ઝેરોક્ષ લગાવેલ હોય. (૮) અરજી અને પરિશિષ્ટ બે માંથી એક જ મોક્લાવેલ હોય. (૯) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય. (૧૦) અરજી સાથે ફી ભરેલ હોય પરંતુ ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાત -સિધ્ધ થયાની તારીખ પહેલાનો ખરીદેલ હોય. (૧૧) એક જ ગ્યા માટે એક કરતાં વધુ અરજી મળેલ હોય. (૧૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારે અરજી પત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ -માણપત્રાની નકલ રજૂ થાયેલ ન હોય. (૧૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુક્ની નકલ રજૂ કરેલ ન હોય. (૧૪) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે તા.૧-૪-૨૦૧૦ બાદ મેળવેલ નોન ક્રિમીલેયર -માણપત્ર રજૂ કરેલ ન હોય. (૧૫) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ / પદવી -માણપત્રાની નકલ રજૂ કરેલ ન હોય. (૧૬) જન્મતારીખ માટે એસ.એસ.સી. -માણપત્રની નકલ રજૂ કરેલ ન હોય. (૧૭) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં ઉમેદવારે મેળવેલ પદવી એમ.સી.આઈ. માન્ય છે તેવું યુનિવર્સિટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું માણાપત્ર રજૂ કરેલ ન હોય તો. (૧૮) ઉમેદવારે અરજી પત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નકકી કરવાની થતી હોય) અને તેના સમર્થનમાં -માણપત્રો રજૂ કરેલ ન હોય અથવા તો રજૂ કરેલ -માણપત્રોમાં તેઓનો અનુભવનો સમયગાળો, મૂળ પગાર, કુલ પગાર અને અનુભવનો -કાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તો.

**નિમણૂક :-** (૧) ઉપરની જાહેરાત સંબંધમાં -સિધ્ધ થયેલા ઉમેદવારની નિમણૂક માટે સરકારશ્રીના સંબધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તો તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નકકી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ -કારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂક્ને પાત્ર બનશે નહિ. (૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઈપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

**નોંધ :** અરજીફોર્મ મેળવવાની, ફીની, વયમર્યાદામાં છૂટછાટની વિગતો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ ઉપર અને આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે.

●

➔

Regd. No. ____________
(For Official use only)

### APPLICATION FORMAT
### APPLICATION FOR GRANT OF PARAMANENT COMMISSION IN THE INDIAN NAVY FOR LAW CADRE JANUARY-2011 COURSE

Affix recent passport size colour photograph

1. Candidate's Name :
   (a) Name : ____________
   (As in Metric/Equivalent Certificate)
   (b) Surname or Last Name : ____________
   (c) Expanded full name (if abbreviated)
2. Date of Birth :

| D | D | M | M | Y | Y | Y | Y |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

(As per Metric/Equivalent Certificate; Should be between 02 January-1984 to 01 January-1989 both dates inclusive)

3. (a) Father's Name : ____________
   (b) Father's Occupation/Designation : ____________
4. Address :
   For Correspondence : ____________
   ____________ Pin : ____________
   Telephone/Fax No. if any : ____________ E-Mail : ____________
   Permanent Address : ____________
   ____________ Pin : ____________
   Telephone/Fax No. if any : ____________ E-Mail : ____________
5. Marital Status : (Married/Unmarried) ____________
6. Write State to which you belong : ____________
7. Nationality : ____________
8. Educational Details :
   (a) Education Qualification ……………………………… Aggregate percentage ………………………… %
   (b) Name of the College/Institution along with Address from Where Studied ____________
   (c) Name & Address of University, to which college/Institution is affiliated to ____________
9. Details of Marks Secured in Graduation & above :
   (Candidates who have not completed their Degree (i.e. appearing candidates) need not apply, their application will not be accepted)

| Examination Passed Graduation/Post Graduation Or any other Qualification | Subjects (Main subjects including Electives) | Semester/Year wise marks secured | | | |
|---|---|---|---|---|---|
| | | Semester/ Year | Maximum marks | Marks obtained | % of Marks |
| | | 1 | | | |
| | | 2 | | | |
| | | 3 | | | |
| | | 4 | | | |
| | | 5 | | | |
| | | 6 | | | |
| | | 7 | | | |
| | | 8 | | | |
| | | Total | | | |

(Certified copies of mark sheet of each semester/year must be attached. **In case evaluation is in grades, certified equivalent marks to be indicated.)**

10. Sports ____________
    (Give level of participation/achievemen i.e. National/State/University/College/School)
11. N.C.C. (indicate what certificate you are holding) ____________
12. Extra Curricular Activities (Full details of activities) ____________
13. Have you attended any other SSB interview earlier ? If yes, indicate (for all the earlier attempts) :
    **Navy Army Air Force**
    (a) Type of Entry : ____________
    (b) Name and Station of SSB : ____________
    (c) Batch No. : ____________
    (d) Month and Year of Interview : ____________
    (e) Whether Recommended : ____________
14. Details of service under Central/State Govt. if any : ____________
15. List of documents attached :
    (a) ____________
    (b) ____________
    (c) ____________
    (d) ____________

### DECLARATION

1. I hereby declare that I am unmarried Indian Citizen and have never been debarred from appearing for any examination nor have I ever been arrested/prosecuted and convicted by a criminal court or involved in any other case registered by the Police.
2. I, hereby, solemnly declare that all the statements made in the above application are true and correct to the best of my knowledge and belief.
3. I, fully understand that in the event of any information being found false or incorrect, appropriate action can be taken against me.

Place : ____________ **Signature :** ____________
Date : ____________ **Name of the Applicant :** ____________

નોંધ : વેબસાઈટ : **www.nausena.bharti.nic.in** પરથી વિગતો મળી શકશે. ●

## અન્ય જાહેરખબર

❑ **ડાયરેક્ટોરેટ જનરલ બોર્ડર સિક્યૂરીટી ફોર્સ : નવી દિલ્હી**
**જગ્યાનુ નામ :** સિનિ. એરક્રાફ્ટ મિકેનિક, જુ. એરક્રાફ્ટ મિકેનિક, જુ. રેડિયા મિકેનિક, આસિ. એરક્રાફ્ટ મિકેનિક, કોન્સ્ટેબલ
**જગ્યાની સંખ્યા :** ૧૪
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૧૯-૬-૨૦૧૦
**વેબસાઈટ : www.bsf.nic.in**

❑ **ડાયરેક્ટોરેટ જનરલ બોર્ડર સિક્યૂરીટી ફોર્સ : નવી દિલ્હી**
**જગ્યાનુ નામ :** ઈન્સ્પેક્ટર/જુ. ડાયેટીશીયન, સબ ઈન્સ્પેક્ટર, સ્ટાફ નર્સ, આસિ. સબ ઈન્સ્પેક્ટર (ફાર્માસીસ્ટ), આસિ. સબ ઈન્સ્પેક્ટર (ઈસીજી ટેકનીશીયન/લેબ ટેકનીશીયન/ડેન્ટલ ટેકનીશીયન), હેડ કોન્સ્ટેબલ (એસી પ્લાન્ટ ટેકનીશીયન/સ્ટુઅર્ડ/પેરામેડીક/નર્સ)
**જગ્યાની સંખ્યા :** ૨૮૩
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૧૯-૬-૨૦૧૦

❑ **સ્ટાફ સિલેક્શન કમિશન (પૂર્વ વિભાગ)**
**જગ્યાનું નામ :** સ્ટોરકીપર, સ્ટેનોગ્રાફર, જુનિ. હિન્દી ટ્રાન્સલેટર, જુનિ. ટ્રાન્સલેટર, લાયબ્રેરી ક્લાર્ક (જનરલ), પ્રિઝર્વેશન આસિ.
**જગ્યાની સંખ્યા :** ૨૯
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૨૧-૬-૨૦૧૦

❑ **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ. : મથુરા**
**જગ્યાનું નામ :** જુનિ. એન્જિનીયરીંગ આસિ. (પ્રોડકશન/પાવર એન્ડ યુટીલીટી/ઈલેક્ટ્રીકલ/મિકેનિકલ મેન્ટેનન્સ)
**જગ્યાની સંખ્યા :** ૫૫
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૧૪-૬-૨૦૧૦
**વેબસાઈટ : www.iocl.com**

❑ **યુનિયન પબ્લિક સર્વિસ કમિશન :**
**જગ્યાનું નામ :** સીડ પ્રોસેસીંગ એન્જિનિયર, આસિ. ડાયરેક્ટર (ઓઈલ એન્ડ ફેટસ), આસિ. રજીસ્ટ્રાર, ડે. રજીસ્ટ્રાર, સિનિ. સાયન્ટિફિક ઓફિસર, જુ. વર્કસ મેનેજર, રિપોગ્રાફીક ઓફિસર્સ, લીગલ ઓફિસર, ટેકનિકલ ઓફિસર, ડેપ્યુટી ડાયરેક્ટર્સ, ટ્રેઈનીંગ ઓફિસર (ટર્નર), ટ્રેઈનીંગ ઓફિસર (એમ્બ્રોઈડરી), નોટીકલ સર્વેયર, માઈક્રો ફોટોગ્રાફીસ્ટ
**જગ્યાની સંખ્યા :** ૬૨
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૧૦-૬-૨૦૧૦
**વેબસાઈટ : www.upsc..gov.in**

❑ **પીડીયાટ્રીક બાયોલોજી સેન્ટર : ગુરગાંવ**
**જગ્યાનું નામ :** સાયન્ટિસ્ટ, એકાઉન્ટ ઓફિસર, ટેકનિકલ આસિ., પ્રોગ્રામર, ડેટા એન્ટ્રી ઓપરેટર, ટેકનિશીયન
**જગ્યાની સંખ્યા :** ૧૪
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૧૨-૬-૨૦૧૦
**વેબસાઈટ : http.//www.nii.res.in**

❑ **યુ. પી. રાજ્ય વિદ્યુત ઉત્પાદન નિગમ લિ. : લખનઉ**
**જગ્યાનું નામ :** આસિ. એન્જિનિયર, એકાઉન્ટસ ઓફિસર (ટ્રેઈની), મેડિકલ ઓફિસર, ચીફ કેમિસ્ટ, જુ. એન્જિનિયર (ટ્રેઈની), આસિ. એકાઉન્ટન્ટ, ઓફિસ આસિ. (એકાઉન્ટસ)
**જગ્યાની સંખ્યા :** ૬૫૨
**ઓન લાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૧૬-૬-૨૦૧૦
**વેબસાઈટ : http://www.epostbag.com/upcl/1003**

❑ **ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા : મુંબઈ**
**જગ્યાનું નામ :** મેનેજમેન્ટ ટ્રેઈની (એકાઉન્ટસ/ટેકનિકલ/મુવમેન્ટ), આસિસ્ટન્ટ (ટેકનિકલ/હિન્દી), ટાઈપીસ્ટ
**જગ્યાની સંખ્યા :** ૧૦૪
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૨૧-૬-૨૦૧૦
**વેબસાઈટ : http://specialtest.in/fci**

❑ **દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરીટી : નવી દિલ્હી**
**જગ્યાનું નામ :** ડે. ડાયરેક્ટર, આસિ. ડાયરેક્ટર (આર્કિટેકચર), આસિ. ડાયરેક્ટર (પ્લાનીંગ), આસિ. લેન્ડસ્કેપ આર્કિટેક્ટ, આસિ. ડાયરેક્ટર (સિસ્ટમ્સ)
**જગ્યાની સંખ્યા :** ૧૯
**લાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૧૫-૬-૨૦૧૦

*(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ, તા. ૨૨-૫-૨૦૧૦)*

# ભારતીય હવાઇ દળ

## ગ્રુપ 'વાય' (નોન-ટેકિનલ)માં એરમેનની ભરતી

**ભારતીય નાગરિક અપરીણિત પુરુષ ઉમેદવારો પાસેથી ગ્રુપ 'વાય' માં એરમેનની ભરતી માટે અરજીઓ મગાવવામાં આવે છે.**

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૧૦-૬-૨૦૧૦**

❑ **શૈક્ષણિક લાયકાત :**

♦ ઈન્ટરમિડિએટ/૧૦ + ૨/ સમકક્ષ પરીક્ષા સાયન્સ, આર્ટસ અથવા કોમર્સના વિષયો સાથે દરેક વિષયમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે પાસ અથવા માન્ય પોલીટેકનીક/સંસ્થામાંથી એન્જિનિયરીંગની કોઈપણ શાખામાં ત્રણ વર્ષનો ડિપ્લોમા ધરાવનાર ઉમેદવાર અરજી કરવાપાત્ર છે.

♦ ગ્રુપ 'વાય' ટ્રેડમાં આ ભરતીમાં ઓટો ટેક., GTI અને IAF/P ટ્રેડ્સ સિવાયના ટ્રેડસમાં ભરતી થશે.

♦ આ ભરતી ઓફિસર/પાયલોટ/નેવીગેટર માટે નથી

♦ લાયકાતની પરીક્ષામાં દરેક વિષયમાં ખરેખર ગુણ જ ધ્યાનમાં લેવાશે, એટલે કે પોઈન્ટમાં આવેલ ગુણને રાઉન્ડ ઓફ ગણવામાં આવશે નહીં : દા.ત. ૪૯.૯ ટકા ને ૫૦ ટકા ગણી શકાશે નહીં :

♦ CBSE અને કેરાલા બોર્ડ દ્વારા સંચાલિત અને AIU દ્વારા માન્ય વોકેશનલ કોર્સ પણ માન્ય ગણાશે.

❑ **વય મર્યાદા :**

♦ ઉમેદવાર તા. ૧-૧-૧૯૯૦ થી ૨૮-૨-૧૯૯૪ (બંને દિવસો સહિત) વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

❑ **શારીરિક માપદંડ : ઊંચાઈ :** લઘુત્તમ ૧૫૨.૫ સે.મી., **છાતી :** લઘુત્તમ ફુલાવો ૫ સે.મી. હોવો જોઈએ, **વજન :** ઉંમર અને ઊંચાઈને અનુરૂપ. દૃષ્ટિ : સુધાર્યા વિના - ૬/૩૬, ચશ્મા પહેરતા હોય તો તાજેતરનું પ્રિસ્ક્રીપ્સન અને ચશ્મા સાથે લાવવા. સુધારેલ દૃષ્ટિ ૬/૯ **દાંત :** ઉમેદવાર દાંતનું યોગ્ય ચોકઠું, ૧૪ ડેન્ટલ પોઈન્ટ ધરાવતા હોવા જોઈએ. **શારીરિક સ્વાસ્થ્ય :** ઉમેદવાર કોઈપણ શારીરિક ખામી ધરાવતા ન હોવા જોઈએ. કોઈપણ પ્રકારની ચેપી બિમારી ધરાવતા ન હોવા જોઈએ ઉમેદવાર દેશ-દુનિયાના કોઈપણ વાતાવરણમાં ફરજ બજાવવા શારીરિક અને માનસિક રીતે સુસજ્જ હોવા જોઈએ.

❑ **પગાર ભથ્થા :**

♦ તાલિમ દરમ્યાન પ્રતિમાસ રૂા. ૫૭૦૦ સ્ટાઈપેન્ડ મળશે. તાલીમ પૂર્ણ થયે લઘુત્તમ પગાર ધોરણમાં પ્રતિમાસ અંદાજે રૂા. ૧૩૨૮૪ મળવાપાત્ર થશે જે ત્યાર પછીના વર્ષોમાં રેંકને અનુરૂપ રૂા. ૨૫,૫૯૦ સુધી થશે. પગાર ઉપરાંત અન્ય લાભો જેવા કે, રાશન, કપડાં, તબીબી સુવિધા, રહેઠાણ, એલટીસી વગેરે મળી શકશે.

♦ **બઢતી :** ઉમેદવારને માસ્ટર વોરન્ટ ઓફિસર (MWO) ની રેંક સુધી બઢતી મળી શકે છે. ખાતાની અન્ય પરીક્ષાઓ પાસ કર્યે એરમેનને કમિશન ઓફિસર બનાવાની પણ તક છે.

❑ **પસંદગી પદ્ધતિ :**

♦ ઉમેદવારની પસંદગી લેખિત પરીક્ષા, શારીરિક સુસજ્જતા કસોટી અને ઈન્ટરવ્યૂ દ્વારા થશે.

